Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

3561

# શ્રી શત્રુંજયમહા-તીર્થ ગુણગુંજન

卐

[પ્રાચીનસ્તવનસંગ્રહ]

-: સંગ્રાહક :-

જૈનરત્ન વ્યા. વા. કવિકુલકિરીટ પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય લબ્ધિસૂરિશ્વરજીના પટ્ટ-પ્રભાવક આચાર્યદેવ શ્રીમદ્ વિજય ભુવનતિલકસૂરીશ્વરજી મહારાજ

卐

-: સહાયક :-

શીનોર જૈન સંઘ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री सिद्धगिरितीर्थाधिपाय नमः

# શ્રી શત્રુંજયમહાતીર્થ ગુણગુંજન

卐


-: પ્રકાશક :-

શ્રી લબ્ધિસૂરિ સ્તવન પ્રકાશક મંડળ

મુ. છાણી

卐

| સંવત | પ્રત | વીર સંવત |
| --- | --- | --- |
| ૨૦૦૩ | ૧૦૦૦ | ૨૪૭૩ |

卐

આત્મ સંવત ૫૦

અમૂલ્ય


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રાપ્તિ સ્થાન :—
શ્રી લબ્ધિસૂરિ સ્તવન પ્રકાશક મંડળ
: મંત્રી :
શાહ જગુભાઈ લલ્લુભાઇ
મુ. છાણી–(વડોદરા)

For Private and Personal Use Only

# પ્રસ્તાવના

# નમ્ર-નિવેદન

અખીલ જગતમાં આજે સૌથી વધારે પ્રિય અને બોલવામાં સૌને ઉપયોગમાં આવતાં શ્રી. સિદ્ધાચલનાં સ્તવનો છે. અને તે વિષયની થોકબંધ માગણીઓ આવતાં અમારા મંડળે એ વિચાર પૂજ્ય જૈનાચાર્ય શ્રીમદ્ વિજયભુવનતિલકસૂરિજી મહારાજની રૂબરૂમાં જાહેર કર્યો. પૂ. આચાર્ય દેવે પણ એ વિચારને સતેજ કર્યો. અને પ્રેરણા પણ કરી. જેથી નાનું પણ સર્વજનોપયોગી આ પુસ્તક બહાર પાડવા અવસર પામ્યા છીએ. કાર્તિક વિગેરે પૂર્ણિમાના દિવસોમાં ઉપયોગમાં આવે તે માટે શ્રી. શત્રુંજય તીર્થના મહિમામય એકવીશ દુહાઓનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. શત્રુંજયની યાત્રા કરનાર ભાગ્યવંતોને પણ આ પુસ્તક અત્યંત ઉપયોગી નીવડશે. વાંચકોને પ્રાર્થના છે કે આ પુસ્તકની આશાતના ન કરતાં યોગ્ય ભકિતમાં ઉપયોગ કરશો તો હમારો શ્રમ સફલ થયો માનીશું.

મંત્રી. જગુભાઈ

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નમસ્કાર મહામંત્ર.

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં,
નમો આયરિયાણં, નમો ઉવજ્ઝાયાણં,
નમો લોએ, સવ્વ સાહૂણં,
એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો,
મંગલાણં ચ સવ્વેસિં પઢમં હવઇ મંગલં. ॥

---

પંચિંદિય સંવરણો, તહ નવ વિહ બંભચેર ગુત્તિધરો,
ચઉવિહ કસાય મુક્કો ઇઅ અઠ્ઠારસ ગુણેહિં સંજુત્તો॥૧॥
પંચ મહવ્વય જુત્તો પંચ વિહાયાર પાલણ સમત્થો,
પંચ સમિઓતિગુત્તો છત્તીસ ગુણો ગુરૂમજ્ઝ ॥૨॥

---

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સિદ્ધાચલ-મહાતીર્થાદિ સ્તવનાવલી.

## મંગલાચરણ-વિભાગ

## પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ

पूर्णानन्दमयं महोदयमयं, कैवल्यचिद्दृङ्मयं ;
रूपातीतमयं स्वरूपरमणं, स्वाभाविकीश्रीमयम् ।
ज्ञानोद्योतमयं कृपारसमयं, स्याद्वादविद्यालयं,
श्रीसिद्धाचलतीर्थराजमनिशं, वन्देऽहमादीश्वरम् ॥ १ ॥

પ્રભુ દર્શન સુખ સંપદા, પ્રભુ દર્શન નવનિદ્ધ;
પ્રભુ દર્શનથી પામીયે, સકલ પદારથ સિદ્ધ
ભાવે જિનવર પૂજીયે, ભાવે દીજે દાન;
ભાવે ભાવના ભાવીયે, ભાવે કેવળજ્ઞાન.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચૈત્યવંદન વિભાગ

( મૂળ નાયક પ્રભુનું. )

વિમલ-કેવલજ્ઞાન-કમલા, કલિત-ત્રિભુવન-હિત-કરં, સુરરાજ-સંસ્તુત-ચરણપંકજ, **નમો આદિ જિનેશ્વરં ॥ ૧ ॥** વિમલગિરિવર-શૃંગમંડણ, પ્રવર-ગુણગણ-ભૂધરં; સુર અસુર-કિન્નર-કોડીસેવિત, **નમો આદિ૦ ॥ ૨ ॥** કરતી નાટક કિન્નરીગણ, ગાય જિનગુણ મનહરં; નિર્જરાવલી નમે અહોનિશ, **નમો આદિ૦ ॥ ૩ ॥** પુંડરીક-ગણપતિ સિદ્ધિ સાધી, કોડી પણ મુનિ મનહરં; શ્રીવિમલગિરિવર-શૃંગ સિદ્ધા, **નમો આદિ૦ ॥ ૪ ॥** નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિઅનંત એ ગિરિવરં; મુક્તિ રમણી વર્યા રંગે, **નમો આદિ ॥ ૫ ॥** પાતાલ નર સુરલોક માંહી, વિમલગિરિવરતો પરં; નહીં અધિક તીરથ તીર્થપતિ કહે, **નમો આદિ૦ ॥ ૬ ॥**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ વિમલગિરિવર–શિખરમંડણ, દુઃખવિહંડણ ધ્યાઇએ; નિજ શુદ્ધ સત્તા સાધનાર્થે પરમ જ્યોતિ નિપાઇએ ॥ ૭ ॥ જિત–મોહ–કોહ–વિછોહ–નિદ્રા, પરમપદ સ્થિતિ જયકરં, ગિરિરાજસેવા–કરણતત્પર **પદ્મવિજય** સુહિતકરં ॥ ૮ ॥

## શ્રી શાંતિનાથસ્વામીનું ચૈત્યવંદન.

શાંતિજિનેશ્વર સોલમા, અચિરાસુત વંદો; વિશ્વસેનકુલનભોમણિ, ભવિજન સુખકંદો ॥ ૧ ॥ મૃગલંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ; હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણમણી–ખાણ ॥ ૨ ॥ ચાલીશ ધનુષની દેહડી એ, સમચોરસ સંઠાણ; વદન **પદ્મ** જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥ ૩ ॥

## શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર

## ( તલાટીએ કરવાનું )

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, દીઠે દુર્ગતિ વારે; ભાવ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરીને જે ચઢે, તેને ભવ પાર ઉતારે ॥ ૧ ॥ અનંત સિદ્ધનો એહ ઠામ, સકલ તીર્થનો રાય; પૂર્વ નવાણું ઋષભદેવ, જ્યાં ઠવિયા પ્રભુ પાય ॥ ૨ ॥ સૂરજકુંડ સોહામણો, કવડ જક્ષ અભિરામ; નાભિરાયા કુલ-મંડણો, જિનવર કરૂં પ્રણામ ॥ ૩ ॥

## શ્રી પુંડરીકસ્વામીનું ચૈત્યવંદન.

આદિશ્વર જિનરાયનો, ગણધર ગુણવંત, પ્રગટ નામ પુંડરીક જાસ, મહીમાંહે મહંત ॥ ૧ ॥ પંચ કોડી સાથે મુણિંદ, અણસણ તિહાં કીધ; શુકલ ધ્યાન ધ્યાતાં અમુલખ, કેવળ તિહાં લીધ. ॥ ૨ ॥ ચૈત્રી પૂનમને દિને એ, પામ્યા પદ મહાનંદ; તે દિનથી પુંડરીકગિરિ, નામ દાન સુખકંદ ॥ ૩ ॥

## શ્રી આદીશ્વરપ્રભુનું ચૈત્યવંદન

આદિદેવ અલવેસરૂ, વિનીતાનો રાય; નાભિ-રાયા–કુલ–મંડણો મરૂદેવા માય ॥ ૧ ॥ પાંચશેં

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ; ચોરાસી લાખ પૂર્વનું, જસ આયુ વિશાળ ॥ ૨ ॥ વૃષભ લંછન જિન વૃષધરૂ એ, ઉત્તમ ગુણ-મણિખાણ; તસ પદ **પદ્મ** સેવન થકી, લહીએ અવિચળ ઠાણ ॥ ૩ ॥

## સ્તવન વિભાગ

### જાત્રા નવાણું કરિયે ૧

જાત્રા નવાણું કરીએ વિમલગિરિ, જાત્રા નવાણું કરીએ ॥**એઆંકણી**॥ પૂરવ નવાણું વાર શેત્રુંજાગિરિ, ઋષભજિણંદ સમોસરીએ ॥ **વિ૦ જા૦** ॥ ૧ ॥ કોડી સહસ ભવ પાતક ત્રુટે. શત્રુંજય સામો ડગ ભરીયે ॥ **વિ૦ જા૦** ॥ ૨ ॥ સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા, કરી ચઢિયે ગિરિવરીયે ॥ **વિ૦ જા૦** ॥ ૩ ॥ પુંડરીક પદ જપીએ મન હરખે, અધ્યવસાય શુભ ધરીએ ॥ **વિ૦ જા૦** ॥ ૪ ॥ પાપી અભવ્ય ન નજરે દેખે, હિંસક પણ ઉદ્ધરીએ ॥ **વિ૦ જા૦** ॥ ૫ ॥ ભૂમિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંથારોને નારી તણો સંગ, દૂર થકી પરિહરીએ ॥ વિ૦ જા૦ ॥ ૬ ॥ સચિત્ત પરિહારી ને એકલ–આહારી, ગુરૂ સાથે પદ ચરીયે, ॥ વિ૦ જા૦ ॥ ૭ ॥ પડિક્કમણાં હોય વિધિશું કરીએ, પાપ પડળ વિખરીયે, ॥ વિ૦ જા૦ ॥ ૮ ॥ કલિકાલે એ તીરથ મોહોટું, પ્રવહણ જિમ ભર દરીયે ॥ વિ૦ જા૦ ॥ ૯ ॥ ઉત્તમ એ ગિરિવર સેવંતાં, પદ્મ કહે ભવ તરીયે ॥ વિ૦ જા૦ ॥ ૧૦ ॥

## ૨ વિમલાચલ વિમલા પાણી

વિમલાચળ વિમલા પાણી, શીતળ તરુ છાયા ઠરાણી; રસ વેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી ॥ સનેહી સંત એ ગિરિ સેવો ॥ ચૌદ ક્ષેત્રમાં તીરથ નહીં એવો ॥ સનેહી૦ ॥ ૧ ॥ ષટ્ રી પાળી ઉલ્લસીએ, છટ્ઠ અટ્ઠમ કાયા કસીએ; મોહ મલ્લની સામા ધસીએ, વિમાલાચલ વેગે વસીએ ॥ સનેહી૦ ॥ ૨ ॥ અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હિમગિરિ હેઠે હરીએ; પાછળ પ્રદક્ષિણા ફરીયે, ભવજલધિ હેલા

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરીયે ॥ **સનેહી૦** ॥ ૩ ॥ શિવમંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ બિરાજે; ચઢતાં સમકિતી છાજે, દૂર-ભવ્ય અભવ્ય તે લાજે ॥ **સનેહી૦** ॥ ૪ ॥ પાંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા; પરમાતમ ભાવ ભજંતા, સિદ્ધાચળ સિધ્યા અનંતા ॥ **સનેહી૦** ॥ ૫ ॥ ષટ્ માસી ધ્યાન ધરાવે, શુકરાજા તે રાજ્યને પાવે; બહિરંતર શત્રુ હરાવે, શત્રુંજય નામ ધરાવે ॥ **સનેહી૦** ॥ ૬ ॥ પ્રાણી ધ્યાને ભજો ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો; મોહરાયને લાગે તમાચો, **શુભવીર** વિમલગિરિ સાચો ॥ **સનેહી૦** ॥ ૭ ॥

## ૩ શ્રી સિદ્ધાચળજીનું સ્તવન

સિદ્ધાચલ ગિરિ ભેટયા રે, ધન્ય ભાગ્ય હમારાં; ॥ **એ આંકણી** ॥ એ ગિરિવરનો મહિમા મોટો, કહેતાં ન આવે પારા; રાયણ રૂખ સમોસર્યા સ્વામી, પૂરવ નવાણું વારા રે ॥ **ધ૦** ॥ ૧ ॥ મૂળનાયક શ્રી આદિજિનેશ્વર, ચોમુખ પ્રતિમા ચારા; અષ્ટ દ્રવ્યશું પૂજો ભાવે, સમકિત મૂળ આધારા રે ॥ **ધ૦** ॥ ૨ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભાવભક્તિશું પ્રભુગુણ ગાતાં, અપના જન્મ સુધારા; યાત્રા કરી ભવિજન શુભ ભાવે, નરક તિર્યંચ ગતિ વારા રે ॥ ધ૦ ॥ ૩ ॥ દૂર દેશાંતરથી હું આવ્યો, શ્રવણે સુણી ગુણ તારા; પતિત-ઉદ્ધારણ બિરૂદ તુમારૂં, એ તીરથ જગ સારા રે ॥ ધ૦ ॥ ૪ ॥ સંવત અઢાર ત્યાસી માસ અષાઢો, વદિ આઠમ ભોમવારા; પ્રભુકે ચરણ પ્રતાપકે સંઘમાં, **ક્ષમારતન** પ્રભુ પ્યારા રે ॥ ધ૦ ॥ ૫ ॥

## ૪ આંખલડીયેરે મેં આજ

આંખલડીયે રે મેં આજ શત્રુંજય દીઠો રે, સવા લાખ ટકાનો દહાડો રે, લાગે મુને મીઠો રે ॥ **એ આંકણી** ॥ સફલ થયો રે મારા મનનો ઉમાહો, વ્હાલા મારા ભવનો સંશય ભાંગ્યો રે ॥ નરક તિર્યંચ ગતિ દૂર નિવારી, ચરણે પ્રભુજીને લાગ્યો રે ॥ **શત્રુંજય દીઠો રે** ॥ ૧ ॥ માનવ ભવનો લાહો લીજે ॥ **વા૦** ॥ દેહડી પાવન કીજે રે ॥ સોના રૂપાને ફૂલડે વધાવી, પ્રેમે પ્રદક્ષિણા દીજે રે ॥ **શ૦** ॥ **૨** ॥ દૂધડે પખાળી ને કેશર ઘોળી ॥ **વા૦** ॥ શ્રી આદીશ્વર પૂજ્યા રે;

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, પાપ મેવાસી ધ્રૂજ્યા રે ॥શ૦ ॥ ૩ ॥ શ્રી મુખ સુધર્માં સુરપતિ આગે ॥ વા૦ ॥ વીર જિણંદ એમ બોલે રે ॥ ત્રણ ભુવનમાં તીરથ મોટું નહિ કોઈ શત્રુંજય તોલે રે ॥ શ૦ ॥ ૪ ॥ ઇંદ્ર સરીખા એ તીરથની ॥ વા૦ ॥ ચાકરી ચિત્તમાં ચાહે રે ॥ કાયાની તો કાસલ કાઢી સૂરજકુંડમાં નાહે રે ॥ શ૦ ॥ ૫ ॥ કાંકરે કાંકરે શ્રી સિદ્ધક્ષેત્રે ॥ વા૦ ॥ સાધુ અનંતા સિધ્યા રે ॥ તે માટે એ તીરથ મહોટું, ઉદ્ધાર અનંતા કીધા રે ॥ શ૦ ॥ ૬ ॥ નાભિરાયા સુત નયણે જોતાં ॥ વા૦ ॥ મેહ અમીરસ વૂઠ્યા રે ॥ **ઉદયરતન** કહે આજ મ્હારે પોતે, શ્રી આદીશ્વર તૂઠ્યા રે ॥ શ૦ ॥ ૭ ॥

## ૫ મનના મનોરથ

મનના મનોરથ સવિ ફળ્યાં એ, સિધ્યા વાંછિત કાજ; પૂજો ગિરિરાજને રે ॥ પ્રાયે એ ગિરિ શાશ્વતો એ, ભવજલ તરવા જાજ ॥ પૂજો૦ ॥ ૧ ॥ મણિ માણેક મુક્તાફળે એ, રજત કનકનાં ફૂલ ॥ પૂજો૦ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેશર ચંદન ઘસી ઘણાં એ, બીજી વસ્તુ અમૂલ ॥ **પૂજો** ॥ ૨ ॥ છઠ્ઠે અંગે દાખીઓ એ, આઠમે અંગે ભાખ ॥ **પૂજો૦** ॥ સ્થિરાવલી પયન્ને વરણવ્યો એ, એ આગમની સાખ ॥ **પૂજો૦** ॥ ૩ ॥ વિમળ કરે ભવિલોકને એ, તેણે વિમળાચળ જાણ ॥ **પૂજો૦** ॥ શુક રાજાથી વિસ્તર્યાં એ, શત્રુંજય ગુણ ખાણ ॥ **પૂજો** ॥ ૪ ॥ પુંડરીક-ગણધરથી થયો એ, પુંડરીકગિરિ ગુણધામ ॥ **પૂજો૦** ॥ સુરનર-કૃત એમ જાણીએ એ, ઉત્તમ એકવીસ નામ ॥ **પૂજો૦** ॥ ૫ ॥ એ ગિરીવરના ગુણ ઘણા એ, નાણીએ નવિ કહેવાય ॥ **પૂજો૦** ॥ જાણે પણ કહી નવી શકે એ, મૂક ગૂડને ન્યાય ॥ **પૂજો૦** ॥ ૬ ॥ ગિરીવર ફરસન નવી કર્યાં એ, તે રહ્યો ગરભા વાસ ॥ **પૂજો૦** ॥ નમન દર્શન ફરસન કર્યાં એ પૂરે મનની આશ ॥ **પૂજો૦** ॥ ૭ ॥ આજ મહોદય મેં લહ્યો એ, પામ્યો પ્રમોદ રસાળ ॥ **પુજો૦** ॥ મણી **ઉદ્યોત** ગિરી સેવતાં એ, ઘેર ઘેર મંગળ માળ ॥ **પુજો૦** ॥ ૮ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## ૬ શ્રી પુંડરીકગિરિ-સ્તવન

વીરજી આવ્યા રે વિમલાચલ કે મેદાન, સુરપતિ પાયા રે સમવસરણ કે મંડાણ ॥ એ૦ આંકણી ॥ દેશના દેવે વીરજી સ્વામ, શત્રુંજય મહિમા વરણવે તામ, ભાખ્યાં આઠ ઉપર સો નામ, તેહમાં ભાખ્યું રે પુંડરગીરી અભિધાન, સોહમ ઇંદો રે તવ પૂછે બહુ માન, કિમ થયું સ્વામી રે, ભાખો તાસ નિદાન ॥ **વીરજી૦** ॥ ૧ ॥ પ્રભુજી ભાખે સાંભળ ઇંદ, પ્રથમ જે હુવા ઋષભજીણંદ, તેહના પુત્ર તે ભરત નરિંદ, ભરતના હુવા રે ઋષભસેન પુંડરીક, ઋષભજી પાસે રે દેશના સુણી તહકીક, દીક્ષા લીધી રે ત્રિપદી જ્ઞાન અધિક ॥ **વીરજી૦** ॥ ૨ ॥ ગણધર પદવી પામ્યા જામ, દ્વાદશાંગી ગુંથી અભિરામ, વિચરે મહિયલમાં ગુણધામ, અનુક્રમે આવ્યા રે શ્રી સિદ્ધાચલ ઠામ, મુનિવર કોડી રે, પંચતણે પરિવાર, અણસણ કીધાં રે, નિજ આતમને ઉદ્ધાર ॥ **વીરજી૦** ॥ ૩ ॥ ચૈત્રી પૂનમ દિવસે એહ, પામ્યા કેવળજ્ઞાન

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અછેહ, શિવસુખ વરિયા અમર અદેહ, પૂર્ણાનંદી રે અગુરૂલઘુ અવગાહ, અજ અવિનાશી રે, નિજ ગુણ ભોગી અબાહ, નિજ ગુણ ધરતા રે, પર પુદ્ગલ નહીં ચાહ ॥ **વીરજી૦** ॥ ૪ ॥ તેણે પ્રગટયું પુંડરગિરિ નામ, સાંભળ સોહમ દેવલોક સ્વામ, એહનો મહિમા અતિહિ ઉદ્દામ, તેણે દિન કીજે રે, તપ જપ પૂજા ને દાન, વ્રત વળી પોસહ રે, જેહ કરે અનિદાન, ફળ તસ પામે રે, પંચ કોડી ગુણું માન ॥ **વીરજી૦** ॥ ૫ ॥ ભકતે ભવ્ય જીવ જે હોય, પંચમ ભવે મુક્તિ લહે સોય, તેહમાં બાધક છે નહિ કોય, વ્યવહાર કેરી રે, મધ્યમ ફળની એ વાત, ઉત્કૃષ્ટ યોગે રે અંતરમુહૂર્ત વિખ્યાત, શિવસુખ સાધે રે, નિજ આતમ અવદાત ॥ **વીરજી** ॥ ૬ ॥ ચૈત્રી પૂનમ મહિમા દેખ, પૂજા પંચ પ્રકારી વિશેષ, તેહમાં નહિં ઉણીમ કાંઈ રેખ, એણી પરે ભાખી રે, જીનવર ઉત્તમ વાણ, સાંભળી બુઝયા રે, કેઈક ભવિક સુજાણ, એણી પરે ગાયો રે, **પદ્મવિજય** સુપ્રમાણ ॥ **વીરજી૦** ॥ ૭ ॥

For Private and Personal Use Only

## ૭ શ્રી સિદ્ધગિરિ મંડન આદિજિન સ્તવન

સિદ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ
આદિ જિનવર સુખકર સ્વામી
તુમ દર્શનથી શિવ-પુર ધામી
થયા છે અસંખ્ય ..જિનને ક્રોડો પ્રણામ-૧
વિમલ-ગિરિનાં દર્શન કરતાં
ભવો ભવનાં તમ-તિમિર હરતાં
આનંદ અપાર...જિનને ક્રોડો પ્રણામ-૨
હું પાપી છું નીચ ગતિ ગામી
કંચનગિરિનું શરણું પામી
તરશું જરૂર...જિનને ક્રોડો પ્રણામ-૩
અણધાર્યાં આ સમયમાં દર્શન
કરતાં હૃદય થયું અતિ પરસન
જીવન ઉજ્જવલ...જિનને ક્રોડો પ્રણામ-૪
ગોડીપાર્શ્વ જિનેશ્વર કેરી
કરણ પ્રતિષ્ઠા વિનતિ ઘણેરી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શન પામ્યો માની...જિનને ક્રોડો પ્રણામ-૫
સંવત ઓગણીસ નેવું વર્ષે
શુદ પંચમી કર્યાં દર્શન હર્ષે
મલ્યો જ્યેષ્ટ શુભ માસ...જિનને ક્રોડો પ્રણામ-૬
આત્મ-કમલમાં સિદ્ધગિરિ ધ્યાને
જીવન ભળશે કેવલ જ્ઞાને
"લબ્ધિ સૂરિ" શિવધામ...જિનને ક્રોડો પ્રણામ-૭

## ૮ (રાગ-સારંગ)

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં; ધ્યાનમેં; ધ્યાનમેં; ધ્યાનમેં, **હમ મગન૦ ॥** બિસર ગઇ દુવિધા તનમનકી અચિરાસુત ગુણ ગાનમેં **॥ હમ૦ ॥ ૧ ॥** હરિહર બ્રહ્મ પુરંદરકી ઋદ્ધિ, આવત નહિ કોઉ માનમેં; ચિદાનંદકી મોજ મચી હૈ, સમતા રસકે પાનમેં **॥ હમ૦ ॥ ૨ ॥** ઇતને દિન તું નાંહિ પિછાનો, મેરો જનમ ગયો સો અજાનમેં, અબ તો અધિકારી હોઇ બેઠે પ્રભુ ગુણ અખય ખજાનમેં **॥ હમ૦ ॥ ૩ ॥** ગઇ દીનતા સબહી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હમારી, પ્રભુ તુજ સમકિત દાનમેં; પ્રભુ ગુણ અનુભવ રસ કે આગે, આવત નહિ કોઉ માનમેં **॥ હમ૦ ॥** ૪ **॥** જીનહિ પાયા તિનહિ છીપાયા, ન કહે કોઉ કે કાનમેં; તાલી લાગી જબ અનુભવકી, તબ જાને કોઉ સાનમેં **॥ હમ૦ ॥ ૫ ॥** પ્રભુ ગુણ અનુભવ ચંદ્રહાસ જ્યોં સો તો ન રહે મ્યાન મેં; વાંચક **જશ** કહે મોહ મહા અરિ, જીત લીયો હે મેદાનમેં, **॥ હમ૦ ॥ ૬ ॥**

## શ્રી આદીશ્વર પ્રભુની સ્તુતિ

આદિ જિનવિર રાયા જાસ સોવન કાયા ॥
મરૂદેવી માયા, ધોરિ લંછન પાયા ॥
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા ॥
કેવલ સિરિ રાયા મોક્ષ નગરે સધાયા ॥

## શ્રી ઋષભદેવ સ્વામીની સ્તુતિ

શ્રી સિદ્ધાચલ મંડણ, ઋષભજિણંદ દયાલ, મરૂદેવાનંદન વંદન કરૂં ત્રણ કાલ ॥ એ તીરથ જાણી, પૂર્વ નવાણું વાર, આદીશ્વર આવ્યા, જાણી લાભ અપાર.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શ્રી શત્રુંજયગિરિની સ્તુતિ

પુંડરગિરિ મહિમા, આગમમાં પ્રસિદ્ધ, વિમલાચલ ભેટી, લહિએ અવિચલ ઋદ્ધ; પંચમ ગતિ પહોંચ્યા મુનિ-વર કોડાકોડ, એણે તીરથે આવી, કર્મ વિપાક વિછોડ ॥

## સ્તુતિ

શ્રી શત્રુંજયે આદિજીન આવ્યા, પૂર્વ નવાણું વારજી, અનંત લાભ ઇહાં જિનવર જાણી, સમોસર્યા નિરધારજી; વિમળગિરિવર મહિમા મોટો, સિદ્ધાચળ ઇણિ ઠામજી; કાંકરે કાંકરે અનંતા સિધ્યા, એકસોને આઠ ગિરિ નામજી.

## શ્રી શત્રુંજય સ્તુતિ.

શ્રી શત્રુંજય તીરથ સાર; ગિરિવરમાં જેમ મેરૂ ઉદાર, ઠાકુર રામ અપારા મંત્ર માંહે નવકારજ જાણું તારામાં જેમ ચંદ્ર વખાણું, જલધર જલમાં જાણું, પંખીમાંહે જેમ ઉત્તમ હંસ, કુળમાંહે જેમ ઋષભનો વંશ નાભિ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તણો જે અંશ ॥ ક્ષમાવંતમાં શ્રી અરિહંત, તપશૂરા મુનિવર મહંત, શત્રુંજયગિરિ ગુણવંત ॥

## શ્રી પુંડરીક સ્વામીની સ્તુતિ

ચૈત્રી પૂનમ દિન, શત્રુંજય ગિરિ અહિઠાણ ॥ પુંડરીક વર ગણધર તિહાં પામ્યા નિર્વાણ ॥ આદીશ્વર કેરા, શિષ્ય પ્રથમ જયકાર ॥ કેવલ કમલાવર, નાભિનરિંદ મલ્હાર ॥

## શ્રી શાંતિનાથ સ્વામિની સ્તુતિ

વંદો જિનશાંતિ, જાસસોવન્ન કાંતિ; ટાળે ભવભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ; દ્રવ્ય ભાવ અરિપાંતિ, તાસકરતા નિકાંતિ; ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી શત્રુંજયતીર્થ સંબંધી એકવીશ નામના ગુણગર્ભિત એકવીશ ખમાસમણના દુહા.

---

૧-સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર;
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર ॥૧॥
[૧] અંગ [૨]વસન [૩]મન [૪]ભૂમિકા, [૫]પૂજોપગરણ સાર;
[૬]ન્યાયદ્રવ્ય [૭]વિધિશુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર ॥ ૨ ॥
કાર્તિક શુદી પૂનમ દિને, દશ કોટી પરિવાર; દ્રાવિડ
વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર ॥ ૩ ॥ તિણે
કારણ કાર્તિકી દિને, સંઘ સયલ પરિવાર; આદિજિન
સનમુખ રહી, ખમાસણ બહુ વાર ॥ ૪ ॥
એકવીશ નામે વરણવ્યો, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાયથી, જનક વચન બહુમાન ॥ ૫ ॥

---

૧-શરીરશુદ્ધિ. ૨-વસ્ત્રશુદ્ધિ. ૩-ચિત્તશુદ્ધિ. ૪-ભૂમિશુદ્ધિ. ૫-ઉપકરણશુદ્ધિ. ૬-દ્રવ્યશુદ્ધિ. ૭-યથાર્થવિધિશુદ્ધિ.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



[અહીંયાં—
"સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મઝાર:
મનુષ્ય જન્મ પામી કરી, વંદુ વાર હજાર ॥૧॥"
–આ દુહો પ્રત્યેક ખમાસમણ દીઠ કહેવો.]

---

૨–સમોસર્યા સિદ્ધાચલે, પુંડરીક ગણધાર; લાખ સવા માહાતમ કહ્યું, સુર નર સભા મઝાર ॥ ૬ ॥ ચૈત્રી પૂનમને દિને, કરી અણસન એક માસ; પાંચ ક્રોડિ મુનિ સાથશું, મુકિતનિલયમાં વાસ ॥ ૭ ॥ તિણે કારણ પુંડરીકગિરિ, નામ થયું વિખ્યાત; મન વચ કાયે વંદીયે, ઉઠી નિત્ય પ્રભાત ॥ ૮ ॥ સિદ્ધા૦ ॥

---

૩–વીશ ક્રોડીશું પાંડવા, મોક્ષ ગયા ઇણે ઠામ; એમ અનંત મુક્તે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ ॥૯॥ ॥ સિદ્ધા૦ ॥

---

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૪–અડસઠ તીરથ ન્હાવતાં, અંગ રંગ ઘડી એક;
તુંબીજલ સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક ॥ ૧૦ ॥
ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલધામ; અચલ
પદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ ॥ ૧૧ ॥
॥ સિદ્ધા૦ ॥

---

૫–પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુવા સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય ॥ ૧૨ ॥
ભરતાદિ ચોદ ક્ષેત્રમાં, એ સમો તીરથ ન એક, તિણે
સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક ॥ ૧૩ ॥
॥ સિદ્ધા૦ ॥

---

૬–એંસી યોજન પૃથુલ છે, ઉંચપણે છવ્વીશ;
મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ ॥૧૪॥
॥ સિદ્ધા૦ ॥

---

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭–ગણધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનિક જેહવો તેહવો સંયમી, વિમળાચળ (એ તીરથે) પૂજનીક ॥ ૧૫ ॥ વિપ્રલોક વિષધર સમા; દુઃખીયા ભૂતલ માન દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન ॥ ૧૬ ॥ શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ; પુણ્યની રાશિ વધે ઘણી, તિણે પુણ્ય-રાશિ નામ ॥ ૧૭ ॥ સિદ્ધા૦ ॥

૮–સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન; કર્મ વિયોગે પામીયા, કેવળ લક્ષ્મી નિધાન ॥ ૧૮ ॥ લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર; નામ નમો તિણે આઠમું. શ્રીપદગિરિ નિરધાર ॥ ૧૯ ॥ ॥ સિધ્ધા૦ ॥

૯–શ્રી સીમંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ; ઇંદ્રની આગે વર્ણવ્યો, તિણે એ ઇંદ્રપ્રકાશ ॥ ૨૦ ॥ સિધ્ધા૦ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦–દશ કોટિ અણુવ્રતધરા, ભક્તે જમાડે સાર; જૈનતીર્થ યાત્રા કરે, લાભ તણો નહીં પાર ॥ ૨૧ ॥ તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન; દેતાં લાભ ઘણો હુવે, મહાતીરથ અભિધાન ॥ ૨૨ ॥ સિદ્ધા૦ ॥

---

૧૧–પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત, શત્રુંજય મહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત ॥ ૨૩ સિદ્ધા૦ ॥

---

૧૨–ગૌ નારી બાલક મુનિ, ચઉ હત્યા કરનાર; યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર ॥ ૨૪ ॥ જે પરદારા લંપટી, ચોરીના કરનાર; દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના, જે વળી ચોરણહાર ॥ ૨૫ ॥ ચૈત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઇણે ઠામ; તપ તપતાં પાતિક ગળે, તિણે દૃઢશક્તિ નામ ॥ ૨૬ ॥ સિદ્ધા૦ ॥

---

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૩–ભવ ભય પામી નીકળ્યા, થાવચ્ચા સુત જેહ; સહસ મુનિશું શિવ વર્યા, મુક્તિનિલયગિરિ તેહ ॥ ૨૭ ॥ સિદ્ધા૦ ॥

૧૪–ચંદા સૂરજ બિહું જણા, ઉભા ઇણે ગિરિ શૃંગ; વધાવિયો વર્ણવ કરી, ( કરી વર્ણવ ને વધાવિયો) પુષ્પદંતગિરિ રંગ ॥ ૨૭ ॥ સિદ્ધા૦ ॥

૧૫–કર્મકલણ ભવજલ તજી, ઇહાં પામ્યા શિવ-સદ્મ; પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ મહાપદ્મ ॥ ૨૯ ॥ સિદ્ધા૦ ॥

૧૬–શિવવહુ વિવાહ ઉત્સવે, મંડપ રચિયો સાર; મુનિવર વર એહક ભણી, પૃથ્વીપીઠ મનોહાર ॥ ૩૦ ॥ સિદ્ધા૦ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૭–શ્રી સુભદ્રગિરિ નમો, ભદ્ર તે મંગલ રૂપ; જલ તરૂ રજ ગિરિવર તણી, શિશ ચડાવે ભૂપ ॥ ૩૧ ॥ સિદ્ધા૦ ॥

૧૮–વિદ્યાધર સુર અપચ્છરા, નદી શેત્રુંજી વિલાસ કરતાં હરતા પાપને, ભજીયે ભવી કૈલાસ ॥ ૩૨ ॥ સિદ્ધા૦ ॥

૧૯–બીજા નિર્વાણી પ્રભુ, ગઇ ચોવીશી મોઝાર; તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર ॥ ૩૩ ॥ પ્રભુ વચને અણસન કરી, મુક્તિપુરીમાં વાસ; નામે કદંબગિરિ નમો, તો હોય લીલ વિલાસ ॥ ૩૪ ॥ સિદ્ધા૦ ॥

૨૦–પાતાલે જસ મૂલ છે, ઉજ્જવલગિરિનું સાર ત્રિકરણ યોગે વંદતા, અલ્પ હોયે સંસાર ॥ ૩૫ ॥ ॥ સિદ્ધા૦ ॥

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૧–તન મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખ ભોગ; જે વંછે તે સંપજે, શિવરમણી સંયોગ ॥ ૩૬ ॥ વિમલાચલ પરમેષ્ઠિનું, ધ્યાન ધરે ષટ્ માસ; તેજ અપૂરવ વિસ્તરે, પૂરે (પૂગે) સઘળી આશ ॥ ૩૭ ॥ ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ; ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહૂરત સાચ ॥ ૩૮ ॥ સર્વ કામદાયક નમો, નામ કરી ઓળખાણ; શ્રી **શુભવીરવિજય** પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ ॥ ૩૯ ॥ સિદ્ધા૦ ॥

---

## નૂતન સ્તવન

### ભક્તિ રસ ઝરણું.

[ રાગ–મારે તે ગામડે ]

પ્રભુના મંદિરીએ વાર વાર આવજો,
આવો ત્યારે સાથે પૂજા પાન લાવજો,
એ...પ્રભુના
એ પ્રભુ ભક્તિનાં મીઠાં ગવડાવજો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## શેર

વસમી વાટના સાથીદાર, ભક્ત હૈયાના હાર;
અમર પંથના ભોમિયા, જગગુરૂ જગદાધાર.
સુનાં સુનાં છે કામ ભક્તોના પ્રભુ વીના,
આવો આવો હે નાથ નોંધારાના તુમવીના;
મુક્તિના દ્વાર કહો કયારે ઉઘાડશો,
વાણીના મેહ કહો કયારે વરસાવશો;
હે ઝગમગતી જ્યોતિઓ કયારે દેખાડશો...હે
નીરખ્યો જિણંદ મુખ, જાગ્યો ઉમંગ રંગ
'લબ્ધિ' અનંગ રંગ છીના હો...
પ્રભુ ભક્તિના
મીઠાં ગીત ગવડાવજો......હે...પ્રભુના.

## દોહા

વરૂણાલય કરૂણા તણા, કરૂણા રસ ભંડાર;
કરૂણા કરીને તારતા, ત્રણ ભુવન શીરદાર.
સુનાં સુનાં...

For Private and Personal Use Only

## ૨૮

ત્રીશલા નંદન વીર પ્રભુ, જ્ઞાન સુત વીતરાગ;
સુધા સરોવર નામથી, ડસે ન રાગી નાગ.
સુનાં સુનાં...

પુરક મનોરથ મનતણા, ચુરક દુઃખ ભંડોલ;
તારક ભવજલધી તણા, મુક્તિ રાજનો કોલ,
સુનાં સુનાં...

ભક્ત જનોને તારજો, મુક્તિ પુરી વસનાર;
આત્મ જ્યોતિનો દીવડો, આત્મ લબ્ધિભંડાર.
સુનાં સુનાં...

દયા સિંધુ શ્રી વીર પ્રભુ, મુક્તિ નગરનો સાથ,
તારે જે મઝ ધારમાં, ઝાલી ભક્તનો હાથ.
સુનાં સુનાં...

નયના અમીરસથી ભર્યાં, મુખ શરદનો ચંદ;
દિવ્ય તેજ મહી દેહડી, દર્શનથી આનંદ.
સુનાં સુનાં...

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આંગીની ઉર્મી

[ લાખ લાખ દીવડાની આરતી ઉતારજો ]

લાખ લાખ મોતીની માલા ચડાવજો
લાખ લાખ હીરલે જડાય;
સુંદર એ આંગીઓ જિણંદની.
લાખ લાખ હીરલાના મુકુટ ચડાવજો,
લાખ લાખ રત્નો સોહાય...ભલે

## અંતરો

પલે પલે ગુણ ગાવો જિણંદના,
હૈયામાં વ્હેણો વહાવો આનંદના,
જન્મોના દુખડાંઓ જાય,
એ તો સુંદર એ આંગીઓ જિણંદની. લાખ
નાચો ગાઓ ગીત પ્રભુના ગવડાવજો,
ભક્તિ ઉર્મીની સાચી બંસી બજાવજો:
લબ્ધિની લ્હેરો લ્હેરાય.
આજ સુંદર એ આંગીઓ જિણંદની. લાખ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અરૂણ પ્રીન્ટરી
નવાબજાર રોડ
વડોદરા

Serving JinShasan
015976
gyanmandir@kobatirth.org

તા. ૩૧-૧૦-૪૭

For Private and Personal Use Only